**અમદાવાદ ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારી,**
**શ્રી એચ.એ.ભુતવાલા સમક્ષ.**

**પરચુરણ (આઈ.ટી.) અરજી નં.૦૬/૨૦૨૫.**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં.૬૪/૨૦૨૩.**
**<u>આંક-૧૬.</u>**

**અરજદાર** : **ઓલ ગુજરાત જનરલ મઝદૂર સેવા સંઘ**
**ઠે.** એ.એકસ–૨, સરલ એપાર્ટમેન્ટ,
બી.જી.આર.સ્ટેશન પાસે,
સાબરમતી, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : **નાયબ પશુપાલન નિયામકશ્રી,**
જીલ્લા પંચાયત, લાલ દરવાજા,
અમદાવાદ.

વિષય : આઈ.ડી.એકટની કલમ–૨૬(એ) મુજબની અરજી.
પ્રતિનિધિશ્રી : શ્રી દશરથ સિંહાલી.
સામાવાળા તરફે : વિ.વ.શ્રી એ.જી.પાંડે.

**<u>–:: ચૂકાદો ::–</u>**

**૧.** રેફરન્સ (આઈ.ટી.) નં.૬૪/૨૦૨૩ નો નામંજૂર કરવાનો હુકમ તા.૧૮/૦૬/૨૦૨૫ નારોજ કરેલ, તે હુકમ કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર અને સાંભળ્યા વગર અરજદારની ગેરહાજરીમાં કરેલ હોય સેટ–એ–સાઈડ કરવા માટે અરજદારે આ અરજી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે આ અરજી સમય મર્યાદામાં દાખલ કરેલ છે. અરજદારે દાદ માંગેલ છે કે રેફરન્સ (આઈ.ટી.) નં.૬૪/૨૦૨૩ નો હુકમ સેટ–એ–સાઈડ કરી રેફરન્સનું કામ ફરી બોર્ડ ઉપર લઈ ગુણદોષ ઉપર ચલાવવા યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. અરજદારે આ અરજી તા.૧૩/૦૮/૨૦૨૫ નારોજ સોગંદનામાં સાથે રજૂ કરેલ છે. અરજી સાથે તા.૨૪/૦૭/૨૦૨૫ નારોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ એવોર્ડની નકલ સામેલ રાખેલ છે.

**૨.** અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતાં તેઓ વિ.વ.શ્રી. મારફત

હાજર રહી આંક–૧૨ થી વાંધા જવાબ રજૂ કરેલ છે. તેઓએ મુખ્યત્વે તકરાર લીધેલ છે કે, રેફરન્સ કેસ કોર્ટ નં.૨ માં ચાલતો હતો અને નવી કોર્ટ અસ્તિત્વમાં આવતા કેસ તે કોર્ટમાં ટ્રાન્સફર થયેલો. તે કારણસર અરજદાર ન્યાયપંચ સમક્ષ હાજર રહી શકેલ ન હતા અને તેઓને કોઈ ઈન્ટીમેશન કરેલ ન હોય વિગેરે જે હકીકત જણાવેલ છે તે ચાલી શકે તેમ નથી. રેફરન્સ કેસની નોટીસ બજ્યાં બાદ અરજદાર યુનિયન કે તેમના સભ્ય કામદાર તે કેસમાં હાજર રહેલાં નથી. આશરે દોઢ વર્ષનો સમયગાળો વીતી જવા છતાં તેઓ કાયદાની આંટીઘૂંટીનો આશરો લઈ આ અરજી ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો આધારે રજૂ કરેલ છે. અરજદાર જાણી જોઈને ન્યાયપંચ સમક્ષ હાજર રહેલ ન હતા. જે તમામ હકીકત ધ્યાને લઈ અરજદારની ફરી ફાઈલ અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

**૩.** અરજદાર તરફે પ્રતિનિધિશ્રીની અને સામાવાળા તરફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળી. અરજદાર પક્ષે રજુ કરેલ ચૂકાદો અને તેમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લીધો. અરજી તથા સાથેના દસ્તાવેજો ધ્યાને લીધા.

**૪.** ઔદ્યોગિક તકરાર (ગુજરાત) નિયમો, ૧૯૬૬ ના નિયમ ૨૬(એ) માં એકતરફી હુકમો, એવોર્ડ અને રિપોર્ટો રદ કરવા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે. આ પ્રકારની અરજી એવોર્ડની જાણ થયાની તારીખથી **૩૦ દિવસની અંદર** સબંધિત પક્ષકાર કરી શકે છે. પૂરતું કારણ દર્શાવ્યેથી આ મુદત લંબાવી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. રેફરન્સ (આઈ.ટી.) નં.૬૪/૨૦૨૩ નો એવોર્ડ તા.૧૮/૦૬/૨૦૨૫ નારોજ પસાર કર્યા બાદ સદર એવોર્ડની પ્રસિદ્ધિ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ વિભાગ દ્વારા તા.૨૪/૦૭/૨૦૨૫ નારોજ કરવામાં આવેલ છે. અરજદાર પક્ષે આ અરજી તા.૧૩/૦૮/૨૦૨૫ નારોજ રજૂ કરેલ છે તે રીતે અરજી નિયત સમય મર્યાદામાં દાખલ કરેલાનું જણાય છે.

**૫.** એક સ્ટેશન પર એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં વહીવટી કારણોસર કેસ ટ્રાન્સફર થાય તો તે માટે પક્ષકારોને નોટીસ કાઢવી જરૂરી નથી તેવો નામદાર હાઈકોર્ટનો તા.૧૫/૧૨/૨૦૦૧ નો પરિપત્ર છે. અરજદારે એકસપાર્ટી એવોર્ડની પ્રસિદ્ધિ થતાં નિયત સમયમાં આ ફરી ફાઈલ અરજી રજૂ

કરેલ છે. **એશિયન સ્ટીલ એન્ડ મેટલ પ્રાઈવેટ લિ. અમદાવાદ વિ. પારી મગનલાલ હિરાલાલ ૧૯૭૭(૧૮) જી.એલ.આર. પાના નં.૬૦૬** ના ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે એકસપાર્ટી એવોર્ડની જાણ થયાં બાદ તુરંત જ પગલા લીધાં હોય તો તે પૂરતું કારણ છે તેવું માનવું જોઈએ. તે સમયે કોર્ટે બહુ સંકુચિત અને ટેક્નીકલ વલણ રાખવું ન જોઈએ. પક્ષકારની બેદરકારી તેના માટે સજા બનવી ન જોઈએ. ઉપરોકત ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત તથા કુદરતી ન્યાયનો મૂળભૂત સિધ્ધાંત ધ્યાને લેતાં રેફરન્સ (આઈ.ટી.) નં.૬૪/૨૦૨૩ ના કામે કરવામાં આવેલ એકસપાર્ટી એવોર્ડ રદ કરી અરજદારને તક આપવામાં આવે તો કેસનો ગુણદોષ ઉપર ન્યાય–નિર્ણય કરી શકાય તેમ છે. રેફરન્સ કેસ ફરી ફાઈલે લેવાથી બંન્ને પક્ષકારોને સમાન પ્રકારની તક મળી રહે તેમ છે.

**૬.** વધુમાં અરજદાર પક્ષે યુનિયન પ્રતિનિધિશ્રીએ રેફરન્સ કેસમાં નિયમિત હાજર રહેવાની અને કોર્ટ કાર્યવાહીમાં પૂરતો સહકાર આપવાની બાંહેધરી આપેલ છે. અરજદાર પક્ષને એક તક આપવાથી કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન થાય તેમ છે અને તેનાથી ન્યાયનો હેતુ સાચા અર્થમાં જળવાય તેમ છે. આઈ.ડી.એકટ (ગુજરાત) ના નિયમો ૨૬(એ) ની જોગવાઈ મુજબ એકસપાર્ટી એવોર્ડ રદ કરવાની ઔદ્યોગિક ન્યયાપંચને સત્તા રહેલ હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

**(૧)** અરજદારની પરચૂરણ અરજી (આઈ.ટી.) નં.૦૬/૨૦૨૫ **"મંજૂર"** કરવામાં આવે છે.

**(૨)** રેફરન્સ(આઈ.ટી.) નં.૬૪/૨૦૨૩ ના કામે તા.૧૮/૦૬/ ૨૦૨૫ નારોજ આંક–૭ થી થયેલ એકતરફી હુકમ રદ કરી મૂળ રેફરન્સ કેસ ફરી ફાઈલે લેવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** રેફરન્સ કેસની હવે પછીની **તા.૦૬/૦૫/૨૦૨૬** નિયત કરવામાં આવે છે. વધુમાં હુકમ કરવામાં આવે છે કે, બંન્ને પક્ષકારોએ માંગણાનું

નિવેદન, જવાબ તથા પૂરાવાની કાર્યવાહી તા.૩૦/૧૦/૨૦૨૬ સુધીમાં પૂરી કરવાની રહેશે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
HEMANSU AMRUTLAL
BHUTWALA
Reason: ORDER
on 01/04/2026 16:36:59 IST.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૧/૦૪/૨૦૨૬.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ.

S.D.Makvana P.A.

**CODE-GJ00883**